# <u>એમ.એ.સી.પી. નં. ૧૧/૨૦૨૩ ના કામે આંક– ૧ નીચે હુકમ</u>

(૧) આજરોજ લોક અદાલતમાં પક્ષકારોએ **આંક – ૩૬** થી સમાધાન પુરસીસ અરજદાર તર્ફે તેમના વિ. વ.શ્રી નાઓએ પોતાની સહી કરી તથા સામાવાળા નં.–૪ વીમા કંપની તર્ફે અધિકૃત અધિકારીએ સહી તથા હોદ્દાનો સીકકો કરી તથા તેમના વિ. વ.શ્રી નાઓએ પોતાની સહી કરી સ્વેચ્છાએ કોઈ પણ જાતના દાબદબાણ વગર રજુ કરેલ છે અને તે સમાધાન પુરસીસ મુજબ સદર કામે **રૂા.૩,૧૦,૦૦૦/ –(અંકે રૂપિયા ત્રણ લાખ દશ હજાર પુરા** ) નો એવોર્ડ કરી આપવા પુરસીસથી જાહેર કરેલ છે તે પુરસીસના આધારે સદર અરજી સમાધાનથી ફેંસલ કરવામાં આવે છે.

(૨) સમાધાન પુરસીસમાં જણાવેલ રકમ સામાવાળા / વિમા કંપનીએ આ હુકમથી ૩૦ દિવસમાં પૈસા **MACT NADIAD ના નામે BANK OF BARODA MAIN BRANCH NADIAD A/C NO:-02900200000658 IFSC :- BARB0NADIAD માં RTGS કે NEFT મારફતે જમા કરાવવાનો આથી હુકમ કરવામાં આવે છે.**

(૩) સદર કામ લોક અદાલતમાં સમાધાનથી ફેંસલ થયેલ હોય કાયદાકીય જોગવાઈ મુજબ કોર્ટ ફી સ્ટેમ્પ કાપવાનો હુકમ કરવામાં આવતો નથી.

(૪) એવોર્ડની સમાધાન મુજબ ચુકવવા પાત્ર રકમ ડીસ્ટ્રીકટ લીગલ સર્વીસ ઓથોરીટી મીનીટસ મુજબ સમાધાન રકમમાંથી અરજદારને **રૂા.૫૪,૨૩૮/–** મેડીકલ બીલના એકાઉન્ટ પે ચેકથી ચુકવી બાકીની રકમના **૫૦%** રકમ પાંચ વર્ષ માટે અરજદાર ઈચ્છે તેવી નેશનલાઈઝ બેંકમાં ફીકસ ડીપોઝીટ તરીકે મુકવી તથા બાકીની **૫૦%** રકમ અરજદારના નામનો એકાઉન્ટ પેઈ ચેક થી પ્રોપર વેરીફીકેશન કર્યા બાદ ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) આંક–**૩૬** ની સમાધાન પુરસીસ મુજબ એવોર્ડ દોરવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તા.૧૪ મી, માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

કપડવંજ.
તા.૧૪/૦૩/૨૦૨૬

**( કમલેશકુમાર સોમાભાઈ પટેલ )**
એમ.એ.સી. ટ્રીબ્યુનલ,
એડિશ્નલ સેશન્સ જજ,
ખેડા–એટ–કપડવંજ.
**(જ્યુડી કોડ નં. જી.જે ૦૦૫૩૨)**